# A. G. High School & G. & D. Parikh Higher Secondary School

Navrangpura, Ahmedabad - 9.

**Preliminary Exam : 2010-11**

| | | |
|---|---|---|
| Date : 07-01-11 | Std. : 12 | Marks : 100 |
| Day : Friday | Sub. : Gujarati (S.L.) | Time : 3 Hrs. |

## વિભાગ : A

**નીચેના પ્રશ્નોના એક એક વાક્યમાં ઉત્તર લખો.** (03)

1. તખ્તેશ્વર મેદાનમાં શા માટે શાળાનું બાંધકામ કર્યું હતું ?
2. ગાંધીજીને યુવકે શા માટે પત્ર લખ્યો હતો ?
3. શ્રુતિ કેવી રીતે ક્યા કારણથી મૃત્યુ પામી હતી ?

**નીચેના વિધાનો માટે કારણો આપો.** (03)

4. વિરમગામને કાબરપુરા લેખક કહેછે.
5. મહર્ષિ ઐલે શક-સરદારને સોનુંરૂપું પિરસાવ્યું.
6. કુલીન બહેનનો કાગળ વાંચીને રડી પડ્યો હતો.

**નીચેના પ્રશ્નોના ઉત્તર બે અથવા ત્રણ વાક્યોમાં લખો.** (08)

7. પાણીકળાએ પાણીની શોધ કેવી રીતે કરી હતી ?
8. ગામનાલોકોએ ચંદ્રવદનને કેવા કટાક્ષ વાક્યો કહ્યા હતા ?
9. પાઠના આધારે 'ધૂડી નિશાળ', વતરણું અને પાટલો ફાડી નાખવાનો અર્થ લખો.

**નીચેના પ્રશ્નોના ઉત્તરો દસ વાક્યોમાં લખો.** (10)

10. નોકરને ચોર સાબિત કરાવવા માજીએ કઈ યુક્તિ અજમાવી હતી ?

<u>અથવા</u>

લેખકના પરિવારના સભ્યો નોકરને પહેલું કામ કર્યું કરવાનું કહેતા હતા ?

11. આનંદનો પાત્રપરિચય લખો.
12. આકાશના 'નવા દર્શન'ની રસપ્રદ માહિતી લખો.

<u>અથવા</u>

બેતાળીસની લોકક્રાન્તિ લડતનું વર્ણન લખો.

**નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો.** (04)

13. મેહુલો ગાજે ત્યારે કોણ સાથે ગાય છે ?
14. માતૃપ્રેમ દૈવી છે તે કઈ પંક્તિમાં વર્ણવાયું છે ?
15. કવિ દિવસ આથમ્યા પહેલાં શું કરવાનું કહે છે ?
16. શ્રીમંતો અને ગરીબોનાં રહેઠાણમાં કઈ ભિન્નતા દર્શાવાઈ છે ?

**નીચેની કાવ્ય પંક્તિને યોગ્ય વિકલ્પ દ્વારા પૂર્ણ કરો.** (02)

17. એકતારો મારો ગુંજશે મીઠું
    - દેખશે વિશ્વ રહ્યું જે અદીઠું.
    - કોઈ જુએ નહીં એના સામું.

18. હીરા માણેક જવેર તજીને
- કડવો તે લીમડો ઘોળ મારે
- કથીર સંગાથે મણિ તોળ મારે.

**નીચેના પ્રશ્નોના ઉત્તર બે અથવા ત્રણ વાક્યોમાં લખો.** (06)

19. 'કોણ' કાવ્યમાં કવિને ક્યાં ક્યાં પ્રભુની લીલાના દર્શન થાય છે ?

20. ભારતીય નાગરિકની ફરજ અંગે 'તે શું કર્યું ?' કાવ્યમાં કવિ શું કહે છે ?

21. હાથના આંગળાંને કાપતાં પહેલાં વૃદ્ધે કેવી મનોવેદના અનુભવી હતી ?

<u>અથવા</u>

કવિએ બનાવટી ફૂલો અને સાચાં ફૂલોની કઈ વિશિષ્ટતાઓ વર્ણવી છે ?

**નીચેના પ્રશ્નોના ઉત્તર સાતથી આઠ વાક્યમાં લખો.** (08)

22. 'ચાલું મોજ પ્રમાણે' કાવ્યમાં કવિની અનુભૂતિ તમારા શબ્દોમાં વર્ણવો.

23. 'કુંવરબાઈના મામેરા' કાવ્યનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

<u>અથવા</u>

'તડકા'નાં વિવિધ રૂપોનું આલેખન વર્ણવો.

## <u>વિભાગ : બ</u>

**નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** (03)

24. ઠામ 25 અઢળક

26 પર્ણ <u>અથવા</u> પાદત્રાણ

**નીચેના શબ્દોના વિરોધી શબ્દો લખો.** (03)

27. શીતળ 28 નામંજૂરી

29 સકું <u>અથવા</u> નિરાશાવાદી

**નીચેના શબ્દોની સંધિ વિગ્રહ લખો.** (03)

30. નિર્ભય 31 મનોરથ

32 ચતુષ્કોણ <u>અથવા</u> અન્તર્યામી

**નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.** (03)

33. ચારે દિશાઓમાં વિજય

34 માટીના વાસણો બનાવવાનું ચક્ર

35 યજ્ઞમાં ઉપયોગી લાકડા

<u>અથવા</u>

ઘરને અજવાળનાર સુપુત્રી (દીવડી જેવી)

(સામે જુઓ)

**નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યપ્રયોગ કરો.** (02)

36. સપરમો દહાડો

37 દાનત બગડવી **અથવા** મીટ મંડાયેલી હોવી.

**નીચે આપેલી કહેવતનો અર્થ સમજાવો.** (01)

39. ફરે તે ચરે ને બાંધ્યો ભૂખે મરે

**અથવા**

શાહુકારની એક આંખને ચોરની ચાર

38 **સમાસ ઓળખાવો :** સપ્તપદી. (01)

**40. શબ્દમાં ક્યા પ્રકારનો દ્વિરુકિત પ્રકાર છે તે જણાવો.** (01)

1. ઘેર ઘેર 2. દોડાદોડી

**41. નીચેના શબ્દોમાંથી રવાનુકારી શબ્દો લખો.** (01)

1. કિચૂડ કિચૂડ 2. આટઆટલું 3. દોડાદોડી 4. ટપટપ ટપટપ

**વિભાગ : ક**

**નીચે આપેલા ગદ્યાંશનો 1/3 (એક તૃતીયાંશ) સાર લખો અને તેને યોગ્ય શીર્ષક આપો.** (05)

42. જીવનવ્યવહાર ચલાવવા માટે તો શારીરિક મહેનત કરવી પડે છે. શ્રમ પડે એવાં ઉત્પાદક કામો કરવાં પડે છે. આપણને મહેનત પ્રત્યે તો એક પ્રકારનો કંટાળો આવ્યો છે. આપણે મહેનતના કામને 'કુલી'નું કામ, મજૂરનું કામ, હલકું કામ એમ કહીને ઉતારી પાડ્યું છે; પણ એ અભણ શ્રમજીવી જ ખાવા માટે અનાજ, પહેરવા માટે કાપડ અને રહેવા માટે મકાન બનાવી આપે છે. એના વિના જીવનમાં એક ડગલું પણ ચાલી શકવાનું નથી. એટલા માટે રવિશંકર મહારાજે કામ વિનાની બુદ્ધિને એકડા વિનાનાં મીંડાં જેવી ગણાવી છે. મીંડાં ગમે તેટલાં વધે પણ રકમની કિંમત ન વધે, પણ એક એકડો હોય તો પછી મીંડાં ચડતાં જાય એમ એની કિંમત વધતી જાય. એમ માત્ર બુદ્ધિની કશી કિંમત નથી, પણ કામની અંદર બુદ્ધિ ભળે તો એ કામની કિંમત અનેક ગણી વધી જાય છે.

**- બબલભાઈ મહેતા**

**નીચે આપેલ પદ્યાંશનો ભાવાર્થ સ્પષ્ટ કરો.** (08)

43. અઢળક ઢળિયો રે શામળિયો,
જ્યાં જ્યાં નજર ફરે તે સઘળું સાવ ગયું પલટાઈ;
ભેંકાર હતો જે ભૂત હુંય તે દેવલોકમાં ભળિયો !

44. નારી કદી ન નિંદિયે, નારી રત્નની ખાણ,
નારીથી નર નિપજ્યા, ધ્રુવ પ્રહલાદ સમાન.

(સામે જુઓ)

**નીચેનું કાવ્ય વાંચી, નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

ફરવા આવ્યો છું !
હું તો બસ ફરવા આવ્યો છું !
હું ક્યાં એકે કામ તમારું કે મારું કરવા આવ્યો છું ?
અહીં પથ પર શી મધુર હવા ને ચ્હેરા ચમકે નવા નવા !
રે ચહુ ન પાછો ઘેર જવા ! હું સાત ડગ સુખે ભરવા,
અહીં સ્વપ્ન મહીં સરવા આવ્યો છું !
જાદુ એવા જાય જડી કે ચાહી શકું બે ચાર ઘડી;
ને ગાઈ શકું બે ચાર કડી, તો ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણપટે, ધરવા આવ્યો છું !

<u>પ્રશ્નો</u> : 45. કવિ શા માટે ધરતી પર આવ્યા છે તેમ કહે છે ? **(05)**

46. કવિ ફરતાં ફરતાં શું શું જુએ છે ?
47. કવિ 'ચાર ઘડી' દ્વારા શું સંદેશ આપે છે ?
48. કવિને પ્રેમનું ગીત ક્યાં અનુભવાય છે ?
49. કાવ્યનું યોગ્ય શીર્ષક આપો.

**<u>વિભાગ : ડ</u>**

**નીચે આપેલ વિષય પર આશરે વીસ વાક્યોમાં નિબંધ લખો. (કોઈ પણ એક)** **(08)**

**50. <u>યુવાનોનું કર્તવ્ય</u>**

યુવાશક્તિ દેશની મૂડી - કર્તવ્યપાલન દ્વારા જીવન ઘડતર - વિશ્વવ્યાપી યુવાશક્તિ - રચનાત્મક યુવાશક્તિને માર્ગદર્શન.

**<u>અથવા</u> <u>પુસ્તકો - માનવીના સાચા મિત્રો</u>**

જ્ઞાનગંગોત્રી સમા પુસ્તકોનું વાંચન - મહાપુરુષોના જીવનચરિત્ર - વિજ્ઞાન વિકાસની અદ્યતન માહિતી - જીવનદ્રષ્ટિ ખોલતા ધર્મગ્રંથો - ઉપસંહાર.

**<u>અથવા</u> <u>લાગવગ એ જ લાયકાત</u>**

સમાજનું લાંછનકાર્ય - કૃપાદ્રષ્ટિથી પ્રવેશ - શિક્ષિત, બુદ્ધિજીવી, સિદ્ધાંતવાદી વ્યવસ્થાને પડકાર - દેશવિકાસમાં ફેલાયેલ જીવલેણ રોગ.

**51. નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખી શીર્ષક આપો.** **(04)**

સરસ્વતીચંદ્રનો ગૃહત્યાગ - ગાઢ જંગલમાં રાત્રી - પશુઓની યમરાત્રિ - ક્રૂર પ્રાણીની ગર્જનાઓ - અનેક જીવોની મૃત્યુચીસો - સરસ્વતીચંદ્રની મૂર્છા અવસ્થા - ફણાધર નાગનું તેમની છાતી પર બેસવું -શ્વાસ રોકીને શબ - નાગનું ચાલ્યા જવું - જીવનનું મહત્વ - જીવનની સત્ય ખોજ તરફનો પ્રયાણમાર્ગ.

**નીચેના પંક્તિઓનો વિચાર-વિસ્તાર સમજાવો.** **(04)**

52. હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.
53. ઊંચી-નીચી ફર્યા કરે જીવનની ઘટમાળ,
ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ

**નીચે આપેલ સૂચનાનુસાર પત્ર લખો.** **(04)**

54. તમારા વિસ્તારમાં થતી ગુનાહિત પ્રવૃત્તિઓ અને ઘૂસણખોરી અટકાવવા માટે નાગરિક રક્ષક સમિતિના સભ્ય તરીકે તમે ગૃહમંત્રીશ્રી, ગાંધીનગર, ગુજરાત રાજ્યના સરનામે પત્ર લખો.

●●●